પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૧૧૩ | ૨ જુલાઈ, ૨૦૨૩, રવિવાર; અષાઢ સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

મહારાષ્ટ્રમાં બસમાં ભીષણ આગ : ૨૬ ભડથું

બસમાં સવાર ૩૨ મુસાફરોમાંથી ૨૬ લોકોના મોત થયા હતા : ઈજાગ્રસ્ત ડ્રાઈવરનું નામ સંતોષ મ્હાત્રે છે : આ દુર્ઘટનામાં ૧ મહિલા ગંભીર રીતે ઘાયલ થઈ હતી, મુંબઈ-ગોવા હાઈવે પર તો અકસ્માતની ઘટના

બુલઢાણા, તા.૧

મહારાષ્ટ્રના બુલઢાણામાં ચાલુ બસમાં આગ લાગવાથી ૨૫ લોકો બળીને ભડથું થઈ ગયા હતા. આ ભીષણ દુર્ઘટના સમૃદ્ધિ મહામાર્ગ એક્સપ્રેસવે પર બની હતી. કહેવામાં આવી રહ્યું છે કે, બસમાં આશરે ૩૨ લોકો સવાર હતા. બસમાં અચાનક આગ લાગી હોવાથી લોકોને નીકળવાની તક મળી નહોતી. આ ઘટનામાં ૨૬ લોકોના મોત થયા હોવાની ખબર છે, જ્યાં અન્ય ગંભીર રીતે ઘાયલ થયા હોવાથી તેમને તરત જ બુલઢાણા સિવિલ હોસ્પિટલમાં ભરતી કરાવવામાં આવ્યા હતા. જાણકારી પ્રમાણે, બસ મહારાષ્ટ્રના યવતમાલથી પુણે જઈ રહી હતી. ઘટના શનિવારે વહેલી સવારે આશરે ૨.૩૦ કલાકે બની હતી. બુલઢાણા પોલીસે ડેપ્યુટી એસપી બાબુરાવ મહામુનિએ કહ્યું હતું કે, બસમાંથી ૨૬ મૃતદેહને નીકાળવામાં આવ્યા છે. બસમાં કુલ ૩૨ મુસાફરો સવાર હતા. ૬-૮ લોકો ઈજાગ્રસ્ત થયા છે. તેમને બુલઢાણા સિવિલ હોસ્પિટલમાં રેફર કરાયા છે. બુલઢાણાના એસપી સુનીલ કડાસેને કહ્યું હતું કે 'બસમાં કુલ ૩૨ લોકો સવાર હતા, જેમાંથી ૨૫ લોકોના મોત

● અનુસંધાન પાન-૭ પર

લોઝેન ડાયમંડ લિગમાં નિરજ ચોપરાનો ગોલ્ડન જ્વેલિન થ્રો

૮૭.૬૬ મીટરના અંતરે જેવલીન ફેંકી ગોલ્ડ મેડલ કબજે કર્યો : આ વર્ષનો બીજો અને ૮મો આંતરરાષ્ટ્રીય ગોલ્ડ મેડલ જીત્યો

નવી દિલ્હી, તા.૧

ગોલ્ડન બોય નીરજ ચોપરાએ એક મહિનાની ઈજામાંથી સાજા થયા બાદ મેદાન પર જોરદાર વાપસી કરી છે. લોઝેન ડાયમંડ લીગમાં પોતાના 'ગોલ્ડન આર્મ'નો જાદુ બતાવતા તેણે ફરી એકવાર ૮૭.૬૬ મીટરના અંતરે જેવલીન ફેંકી ગોલ્ડ મેડલ કબજે કર્યો છે. તેનો આ વર્ષનો બીજો અને ૮મો આંતરરાષ્ટ્રીય ગોલ્ડ મેડલ છે. અગાઉ તે દોહા ડાયમંડ લીગમાં પણ રમી ચુક્યા છે.

નીરજ ચોપરાએ પ્રથમ રાઉન્ડમાં ફાઉલથી શરૂઆત કરી હતી. તે જ સમયે, જર્મનીના જુલિયન વેબરે ૮૬.૨૦ મીટરના થ્રો સાથે લીડ મેળવી હતી. પ્રથમ રાઉન્ડના અંતે નીરજ ટોચના ત્રણ ખેલાડીઓમાં પણ નહોતો. ત્યારબાદ બીજા પ્રયાસમાં નીરજે ૮૩.૫૨ મીટરનો થ્રો કર્યો. જોકે, બીજા રાઉન્ડના અંતે પણ જુલિયન લીડમાં હતો. આમ છતાં નીરજની રેંકિંગમાં સુધારો થયો અને તે ત્રીજા નંબરે પહોંચી ગયો. નીરજે ત્રીજા પ્રયાસમાં ૮૫.૦૨ મીટરનો સ્કોર કર્યો હતો. આ થ્રો સાથે તે બીજા નંબર પર પહોંચી ગયો. જો કે, જુલિયન હજુ પણ ૮૬.૨૦ મીટરના થ્રો સાથે લીડ જાળવી રાખ્યો હતો.

નીરજે ચોથા પ્રયાસમાં ફાઉલ કર્યો હતો. પાંચમા પ્રયાસમાં, નીરજના 'ગોલ્ડન આર્મ' એ પોતાનો જાદુ ચલાવ્યો અને ૮૭.૬૬ મીટરનો થ્રો હાંસલ કર્યો.

કોર્ટ ઘણું કામ કરે છે પણ તેની હેડલાઈન બનતી નથી : ચંદ્રચૂડ

શ્રીનગર, તા.૧

મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડ હાલ જમ્મુ અને કાશ્મીરના પ્રવાસ પર છે આ દરમિયાન તેમણે શ્રીનગરમાં સંબોધન કર્યું હતું જેમા તેમણે ન્યાયિક પ્રણાલીની પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે અમારા નિર્ણયો પર વારંવાર ચર્ચા કરવામાં આવે છે પરંતુ આ સિવાય કોર્ટ પણ ઘણું કામ કરે છે જે હેડલાઈન બનતી નથી.

મુખ્ય ન્યાયાધીશ ચંદ્રચુડે કહ્યુ હતું કે નિર્ણયો સિવાય કોર્ટ પણ એવું ઘણું કાર્ય કરે છે જેના વિશે લોકોને જાણવાની જરુર છે. જ્યારે પણ સમય હતો કે અદાલતે પોતાનું માર્કેટિંગ કરવું જોઈતું હતું ત્યારે તેણે એવું ન કર્યું કારણ કે તેને લાગ્યું કે ન્યાયતંત્રને માર્કેટિંગની જરૂર નથી. આ કિસ્સામાં અમે નબળા કોમ્યુનિકેટર્સ રહ્યા છીએ. મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડે શ્રીનગરમાં ૧૯મી લીગલ સર્વિસ ઓથોરિટીની બેઠકમાં ઉદ્ઘાટનમાં સંબોધન કર્યું હતું.

દક્ષિણ પૂર્વ રેલવેના નવા જનરલ મેનેજરની હકાલપટ્ટી

બાલાસોર, તા.૧

ઓડિશામાં બાલાસોર ટ્રેન દુર્ઘટના બાદ સાઉથ ઈસ્ટર્ન રેલવેના જનરલ મેનેજર અર્ચના જોશીને તેમના પદ પરથી હટાવી દેવામાં આવ્યા છે. કેબિનેટની નિમણૂક સમિતિએ અનિલ કુમાર મિશ્રાની દક્ષિણ પૂર્વ રેલવેના નવા જનરલ મેનેજર તરીકે નિમણૂકને મંજૂરી આપી છે. સુત્રો અનુસાર અર્ચના જોશીને નવી જવાબદારી સોંપવામાં આવી છે. તેમને કર્ણાટકના યેલાહંકા ખાતે રેલ વ્હીલ ફેક્ટરીના જનરલ મેનેજર બનાવવામાં આવ્યા છે.

સુત્રોના જણાવ્યા અનુસાર બાલાસોર ટ્રેન દુર્ઘટનાની તપાસ કરી રહેલા સીઆરએસએ તેનો રિપોર્ટ રેલવે બોર્ડને સુપરત કર્યો છે. રિપોર્ટમાં શું કહેવામાં આવ્યું છે તેની માહિતી બહાર આવી નથી.

● અનુસંધાન પાન-૭ પર

મુંબઈ એરપોર્ટ પરથી હેરોઈન સાથે આફ્રિકન પકડાયો

ડાયરેક્ટોરેટ ઓફ રેવેન્યુ ઇન્ટેલિજન્સનો સપાટો : પકડાયેલા તસ્કરના પેટમાંથી કેપ્સૂલમાં છૂપાવેલ ૫૦૪ ગ્રામ હેરોઇનનો જથ્થો બહાર કાઢવામાં આવ્યો હતો

મુંબઈ, તા.૧

ડાયરેક્ટોરેટ ઓફ રેવેન્યુ ઇન્ટેલિજન્સ (ડીઆરઆઈ)એ મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી પાંચ કરોડની કિંમતની હેરોઈનની કેપ્સૂલ પેટમાં છુપાવીને લાવેલ એક આફ્રિકન (બેનીનનો નાગરિક) તસ્કરની ધરપકડ કરી હતી. આ વ્યક્તિને ત્યાર બાદ જેજે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેના પેટમાંથી હેરોઈન ભરેલી ૪૩ કેપ્સૂલ બહાર કાઢવામાં આવી હતી. તેવું ડીઆરઆઈના સૂત્રોએ જણાવ્યું હતું.

આ સંદર્ભે પ્રાપ્ત વધુ વિગતાનુસાર મૂળ આફ્રિકન દેશ બેનીનો આ તસ્કર છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ૨૧ જૂનના વિમાનમાંથી ઉતર્યો કે તરત જ ડીઆરઆઈના અધિકારીઓએ પહેલેથી મળેલ અમુક ગુપ્ત માહિતીને આધારે તેને તાબામાં લીધો હતો. આ વ્યક્તિએ ડ્રગ્સની કેપ્સૂલ પેટમાં છુપાવી હોવાની શંકાને આધારે તેને પ્રથમ એનડીપીએસ કોર્ટમાં હાજર કરવામાં આવ્યો હતો. જ્યાં કોર્ટે તેનું તબીબી પરિક્ષણ કરવાનો આદેશ આપ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

મુંબઈમાં પાંચ દિવસમાં જૂનનો ૯૫ ટકા કરતા વધુ વરસાદ વરસ્યો

મુંબઇ, તા.૧

મુંબઈમાં ચોમાસુ ભરપૂર વરસી રહ્યું છે. ખાસ કરીને મુંબઈનાં પશ્ચિમનાં પરાં બોરીવલી, કાંદિવલી, મલાડથી લઈને અંધેરી સુધી અનરાધાર વરસાદ વરસ્યો હતો. મુંબઈમાં પાંચ દિવસમાં જૂનનો ૯૫ ટકા વરસાદ થયો હોવાનું જાણવા મળે છે. હવામાન ખાતાએ મુંબઈમાં ભારેથી અતિ ભારે વર્ષા (ઓરેન્જ એલર્ટ)નો વરતારો આપ્યો હતો. પશ્ચિમનાં પરામાં અને પૂર્વનાં પરાંમાં મુશળધાર વરસાદ વરસ્યો હતો.

વેચવાની છે

રિલાયન્સ ચોકડી નજીક, ગ્રાઉન્ડ ફ્લોરની VTC, C-05, કાનમ પાર્ટી પ્લોટની સામે, દુકાન તાત્કાલિક વેચવાની છે.

મોબાઈલ 94267 69068

aashka HOSPITAL

ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ રાહત દરે મેળવવા માટે વિશ્વસનીય નામ આશ્કા હોસ્પિટલ

30% ડિસ્કાઉન્ટ

- સીટી સ્કેન
- સોનોગ્રાફી
- કલર ડોપ્લર

20મી જૂન થી 20મી જુલાઈ સુધી

સમય 8:00 AM TO 8:00 PM

સોમવાર થી શનિવાર

સરગાસણ અને રિલાયન્સ ચાર રસ્તા વચ્ચે, સરગાસણ,ગાંધીનગર - 382421, ગુજરાત

અપોઈન્ટમેન્ટ બૂક કરવા માટે 7575006000 / 7575009366 | ઈમરજન્સી કોન્ટેક્ટ 7575007707 / 7575009000 | રિસેપ્શન 9879752777 | પેશન્ટ કો ઓર્ડિનેટર 7575007705

www.aashkahospitals.in aashkahospitals aashkahospitalsltd AashkaHospitals

પ્રથમ વાર્ષિક પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સ્વ. શ્રી કેદાર જી થાનકી

અહં નિર્વિકલ્પો નિરાકારરૂપો
વિભૂત્વાચ સર્વત્ર સર્વેન્દ્રિયાનામ્ ।
ન ચાસઙ્ગતં નૈવ મુક્તિર્ન મયઃ
ચિદાનન્દરૂપઃ શિવોઽહમ્ શિવોઽહમ્ ।।૬।।
નિર્વાણશતકમ્

(હું) વિકલ્પ રહિત છું, નિરાકાર રૂપ છું, વિભુ છું,
સર્વત્ર સર્વ ઇન્દ્રિયો માં વ્યાપ્ત છું,
મારા માં સદા સમત્વ છે–બંધન કે મુક્તિ, બંને થી મુક્ત છું,
(હું) ચિત્ આનંદ (સ્વ)રૂપ શિવ છું–હું શિવ છું

ખૂબ જ પ્રેમ અને ભક્તિથી વ્હાલા કેદારના આત્મા માટે શ્રીકૃષ્ણ ભગવાન ને ખૂબ ખૂબ પ્રાર્થના

ઇલાબેન ગુણવંતરાય થાનકી

ચેતના કેદાર થાનકી | ડૉ. ગૌરાંગ થાનકી
નીપા નયન જોષી | રુચિ ગૌરાંગ થાનકી

કાવ્યા, અનેરી, દિયા, હરિત

જય શ્રીકૃષ્ણ

સોમવાર થી શરૂ થતી સાંજે ૬ અથવા સાંજે ૭:૩૦ વાગ્યાની બેચમાં જોડાઈ...

કડકડાટ અંગ્રેજી બોલતાં શીખો.

નાણાવટી The Leader Since 1996

ઘ-2 સર્કલ નજીક, મો. 96240 10555 ઓફિસ સમય સવારે 8 થી 1, સાંજે 4 થી 8

Url : nanavati's world.com - Demo માટે YouTube channel ketanNanavati Gandhinagar ની મુલાકાત લો.

બેસણું

સ્વ.ગંગાબા શંકરજી ઠાકોર (ઉ.વર્ષ ૮૯)

સઃખેદ જણાવાનું કે પૂર્વ કૃષિ મંત્રીશ્રી સ્વ.શંકરજી ઓખાજી ઠાકોર સાહેબના ધર્મપત્ની અને અમારા પૂજ્ય માતૃશ્રી ગંગાબા શંકરજી ઠાકોર તા. ૧/૭/૨૦૨૩ ને શનિવારના રોજ સ્વર્ગવાસ પામ્યાં છે. સદ્ગતનું બેસણું તા. ૩/૭/૨૦૨૩ને સોમવારના રોજ સવારે ૯ થી સાંજે ૫ કલાક દરમિયાન અમારા નીચે મુજબના નિવાસ સ્થાને રાખેલ છે.

સ્થળ : બસસ્ટોપ પાસે, મુ. ડભોડા, તા.ખેરાલુ, જિ.મહેસાણા.

ગાંધીનગર ખાતેનું બેસણું તા.૪/૭/૨૦૨૩ને મંગળવારે સવારે ૯ થી બપોરે ૧૨ વાગ્યા સુધી, નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, કલેક્ટર ઓફીસ ની સામે, સેક્ટર-૧૨, ગાંધીનગર-૩૮૨૦૧૬

ભરતસિંહજી શંકરજી ડાભી (પુત્ર)
(સાંસદશ્રી પાટણ,)
મો. ૯૯૭૮૪૦૬૩૭૭
રામસિંહ શંકરજી ઠાકોર (પુત્ર)
મો. ૯૯૦૪૨૩૯૧૯૭)

લિ.

સ્વ.લક્ષ્મણજી શંકરજી ઠાકોર (પુત્ર)
કનકસિંહ શંકરજી ઠાકોર (પુત્ર)
(પૂર્વ ડેલીગેટ, જિ.પં. મહેસાણા)
મો.૯૪૨૬૩૬૯૪૨૨
મુ.ડભોડા (તારંગા) તા.ખેરાલુ.